**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

**વિષય : પી.જી. સેમ.- ૧ ના પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ(PEC) અંગેના ફોર્મ સ્વીકારવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં અનુસ્નાતક કક્ષાના જુદી જુદી વિદ્યાશાખાઓના પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ અંગેના ફોર્મ સ્વીકારવા અંગેની તારીખ નીચે મુજબ રહેશે. જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | પી.જી. રજીસ્ટ્રેશન (પી.જી.સેમેસ્ટર-૧) | રેગ્યુલર ફી રૂ.૨૦૦/- | લેઇટ ફી સાથે ૭૦૦/- | દંડાત્મક-૧ ફી સાથે રૂ.૨૨૦૦/- | દંડાત્મક-૨ ફી સાથે રૂ.૪૨૦૦/- | દંડાત્મક-3 ફી સાથે રૂ.૭૨૦૦/- |
| | | તા.૨૫/૦૯/૨૦૨૧ થી તા.૧૪/૧૦/૨૦૨૧ | તા.૧૫/૧૦/૨૦૨૧ થી તા.૨૧/૧૦/૨૦૨૧ | તા.૨૨/૧૦/૨૦૨૧ થી તા.૨૫/૧૦/૨૦૨૧ | તા.૨૬/૧૦/૨૦૨૧ થી તા.૨૭/૧૦/૨૦૨૧ | તા.૨૮/૧૦/૨૦૨૧ થી તા.૨૯/૧૦/૨૦૨૧ |
| ૨ | પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (પી.જી.સેમેસ્ટર-૧) | રેગ્યુલર ફી રૂ.૧૫૦/- | લેઇટ ફી સાથે ૬૫૦/- | દંડાત્મક-૧ ફી સાથે રૂ.૨૧૫૦/- | દંડાત્મક-૨ ફી સાથે રૂ.૪૧૫૦/- | દંડાત્મક-3 ફી સાથે રૂ.૭૧૫૦/- |
| | | તા.૨૬/૦૮/૨૦૨૧ થી તા.૧૩/૧૦/૨૦૨૧ | તા.૧૪/૧૦/૨૦૨૧ થી તા.૨૦/૧૦/૨૦૨૧ | તા.૨૧/૧૦/૨૦૨૧ થી તા.૨૨/૧૦/૨૦૨૧ | તા.૨૩/૧૦/૨૦૨૧ થી તા.૨૬/૧૦/૨૦૨૧ | તા.૨૭/૧૦/૨૦૨૧ થી તા.૨૮/૧૦/૨૦૨૧ |

**ખાસ નોંધ**

- **એલએલ.બી./એલએલ.એમ. સેમ.-૧ તેમજ બી.એડ./એમ.એડ. સેમ.-૧ ના એન્લીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ અંગેના ફોર્મ સ્વીકારવા અંગેની તારીખ હવે પછીથી જાહેર કરવામા આવશે.**
- **વિદ્યાર્થીઓની સ્પોર્ટસ ફી અને કલ્ચરલ એક્ટીવીટી ફી પ્રતિ વર્ષ પ્રતિ વિદ્યાર્થી દીઠ લેવાની રહેશે.**
- **ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ COVID-19 અંગે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.**
- **ઉપર્યુક્ત તારીખ બાદ પી.જી. સેમ.-૧ ના પી.જી. રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફીકેટ (PEC) અંગેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી અને તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

**પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ જમા કરાવવા સાથે નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.**

- અત્રેની યુનિવર્સિટી સીવાયના અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ ભરતી વખતે P.E.C. નંબર તેમજ તારીખ ફરજીયાત એન્ટર કરવાની રહેશે, અન્યથા તેવા વિદ્યાર્થીઓની P.E.C. ની કવેરી જનરેટ કરવામાં આવશે.
- જે વિદ્યાર્થીઓ અગાઉ સ્નાતક કક્ષાની પદવી અત્રેની યુનિવર્સિટીમાંથી ઉતીર્ણ કરેલ હોય તેમજ અનુસ્નાતક કક્ષાની પદવીમાં પણ અત્રેની યુનિવર્સિટીમાં એનરોલ થવાના હોય તેવા તમામ વિદ્યાર્થીઓના પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મની એન્ટ્રી કરવામાં કોલેજ દ્વારા સ્નાતક કક્ષાના SPUID દર્શાવવાના રહેશે.
**[ વિદ્યાર્થી વચ્ચેના સમયગાળા દરમ્યાન અન્ય યુનિવર્સિટીમાં જોડાયેલ ન હોય, તેવા જ વિદ્યાર્થીની એન્ટ્રી સ્નાતક કક્ષાના SPUID ના આધારે કરવી, અન્યથા P.E.C. નંબરને આધારે એન્ટ્રી કરવાની રહેશે.]**
- જે વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન ગેપ હોઇ તેવા વિદ્યાર્થીએ ૫૦/- રૂપિયાનાં નોટરી કરાવેલ સ્ટેમ્પ પર ગેપ દરમ્યાન કોઇ પણ અભ્યાસ કરેલ નથી તેમજ તે સમયગાળા દરમ્યાન કોઇ યુનિવર્સિટી કે કોલેજમાં કોઇ અભ્યાસક્રમમાં જોડાયેલ નથી તે મુજબનું એફીડેવીટ (સોગંદનામુ) કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી લઇને પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ સાથે જોડી યુનિવર્સિટી ખાતે ઓરીજીનલ કોપી જમા કરાવવાની રહેશે.
- પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ ૩૦-૩૦ ના બંચ બનાવી જમા કરવાના રહેશે.
- દરેક પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ સાથે વિદ્યાર્થીનું લીવીંગ સર્ટીફીકેટ, સ્નાતક કક્ષાની તમામ સેમેસ્ટરની પાસ કરેલ પરીક્ષાની માર્કશીટ, જો વિદ્યાર્થીએ અન્ય વધારાનો કોઇ પણ કોર્ષ કરેલ હોય તો તેના છેલ્લા સેમેસ્ટર/વર્ષની માર્કશીટ,આધાર કાર્ડ, અનામત કેટેગરીનાં વિદ્યાર્થીઓએ જાતી અંગેના પ્રમાણપત્રની નકલ જોડવી(રાજ્ય અથવા કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ફોર્મેટમાં) તેમજ અત્રેની યુનિવર્સિટી સીવાયના અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ **P.E.C.** ની એક નકલ ફરજીયાત જોડવી.
- ઓનલાઇન એન્ટ્રી કરેલ ચેકલીસ્ટની પ્રિન્ટ તેમજ ફી મેમો જનરેટ કર્યા બાદ કોલેજ દ્વારા વેરીફાય કરીને એક નકલ જોડવી.
- કોલેજ ના લેટરપેડ ઉપર કોર્ષ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ ફીની રકમ સ્પષ્ટ દર્શાવવી.

**Continue...**

- દરેક વિદ્યાર્થી દીઠ (૧) પી.જી. રજીસ્ટ્રેશન ફી રૂ.૨૦૦/-
  (૨) યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ફી રૂ.૨૦૦/-
  (૩) સ્પોર્ટસ ફી રૂ.૭૦/-
  (૪) કલ્ચરલ એક્ટીવીટી ફી રૂ.૭૦/-
- ઉપર્યુક્ત પ્રમાણે ભરવાપાત્ર થતી પુરી રકમનો જ ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે, અન્યથા પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. (કમિશન બાદ મળવા પાત્ર રહેશે નહી)
- કોર્ષ પ્રમાણે અલગ અલગ ડીમાન્ડ ડ્રાફટ જમા કરાવવાનો રહેશે તેમજ ડીમાન્ડ ડ્રાફ્ટ **"રજીસ્ટ્રાર, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ"** ના નામનો કઢાવવાનો રહેશે.
- દંડાત્મક-૩ ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે પી.જી. રજીસ્ટ્રેશનના ફોર્મ, ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે.
- **યુનિ. સેકશન-૪૦ મુજબ એન્લીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન માટેની જોડાણ ફી તમામ સ્વનિર્ભર અનુસ્નાતક કેન્દ્રો દ્વારા એન્લીસ્ટમેન્ટ/પી.જી. રજીસ્ટ્રેશન થયેલ વિદ્યાર્થી દિઠ કુલ ફીના ૨૦% લેખે ફી યુનિ.માં જમા કરાવવાની રહેશે.**

  **વધુમાં જણાવવાનું કે, પ્રત્યેક સ્વનિર્ભર અનુસ્નાતક કેન્દ્ર દ્વારા પ્રતિ સત્ર (Every Semester) પરીક્ષા ફોર્મ ભરતા પુર્વે ઉક્ત ફી યુનિ. ના એકેડેમિક વિભાગમાં ઓનલાઇન/ઓફલાઇન માધ્યમ દ્વારા જમા કરાવવાની રહેશે.**

  **ખાસ નોંધ :-**

  **ઉક્ત ૨૦% ફી દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીની જમા ફીના સપ્રમાણમાં જમા કરાવવી.**
- જે વિદ્યાર્થીઓ અન્ય યુનિવર્સિટીમાંથી અત્રેની યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં એનરોલ થયેલા છે, માત્ર તેવા જ વિદ્યાર્થીઓના થેલેસેમીયા ટેસ્ટના રીપોર્ટ, પી.જી. સેમ.-૧ ના પરીક્ષા ફોર્મ જમા કરતી વખતે રજુ કરવાના રહેશે.
- યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ દ્વારા નીચે મુજબનું બાહેંધરી પત્રક મોકલવાનું રહેશે.

**બાહેંધરી પત્રક**

વિદ્યાર્થીઓએ ફોર્મમાં ભરેલ વિગત અને સ્નાતક કક્ષાની માર્કશીટ પ્રમાણે જ ઓનલાઇન એન્ટ્રી કરેલ છે, જે અમોએ ચકાસેલ છે. ઓનલાઇન એન્ટ્રી ખોટી હશે તો જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે તેમજ વિદ્યાર્થીઓની માર્કશીટ અને ફોટો ચેકલીસ્ટ સાથે ચેક કરેલ છે. ફોર્મમાં વિદ્યાર્થીઓનો ફોટો અપલોડ કરેલ છે. ખોટો ફોટો અપલોડ કરેલ હશે તો માર્કશીટમાં કોલેજ/સંસ્થા દ્વારા યુનિવર્સિટીના નિયમાનુસાર દંડ ભરી સુધારા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

Dhrukhadeej
**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૬૮૩/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. ૨૪/૦૯/૨૦૨૧

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફ....

નકલ સાદર રવાના:-

(૧) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઈ.ટી. સેલ વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.
(૩) હિસાબી શાખા
(૪) એકેડેમિક વિભાગ